RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 133 * Date: 04.03.2025,Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## ભારત ભુતાનમાં પ્રથમ રેલવે નેટવર્ક સ્થાપિત કરશે



ભારત અને ભુતાન બંને દેશોને રેલ નેટવર્કથી જોડવાની વાતો ૨૦૧૮થી થઈ રહી છે.તેને હવે સત્તાવાર રીતે મંજૂરી મળી છે. આ માટે બંને દેશોએ કરાર પર હસ્તાક્ષર કર્યા છે. જેમાં ૬ સ્ટેશન રેલવે નેટવર્કથી જોડવામાં આવશે. આ રેલવે નેટવર્કથી ચીનને ઝટકો વાગશે.

ભારતીય રેલવે અસમના કોકરાઝરથી ભુતાનના ગેલેફૂ સુધી રેલવે લૌન પાથરવા જઈ રહી છે. ૬૯.૪ કિમીની પ્રસ્તાવિત રેલ લૌન માટે ભારત રૂ. ૩૫૦૦ કરોડનું રોકાણ કરવાની યોજના ધરાવે છે. આ રેલવે લાઈન કોકરાઝાર સ્ટેશનને ભુતાનના ગેલેફૂ સાથે જોડશે.નોર્થઈસ્ટ ફ્રન્ટિઅર રેલવે હેડક્વાર્ટર્સના ચીફ પબ્લિક રિલેશન ઑફિસર કપિંજલ કિશોર શર્માએ જણાવ્યું હતું કે, 'આ પ્રોજેક્ટમાં ભુતાનના બાલાજન, ગરૂભાસા, રૂનીખાતા, શાંતિપુર, દાદગીરી, અને ગેલેફૂ સહિતના છ સ્ટેશન સમાવિષ્ટ છે. તદુપરાંત ૧૧ મીટર લંબાઈના બે વાયડક્ટ, ૩૯ રોડ અંડર બ્રિજ, એક રોડ ઓવર બ્રિજ, ૬૫ નાના બ્રિજ, ૨૯ મેઈન બ્રિજ, અને બે મહત્ત્વના બ્રિજ પણ તૈયાર કરવામાં આવશે. આ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટનો ફાઈનલ લોકેશન સર્વે સફળતાપૂર્વક પૂર્ણ થયો છે.'બંને દેશો વચ્ચે રેલવે નેટવર્ક સ્થાપિત કરાતાં પ્રવાસ અને વેપાર સંબંધો વધુ ગાઢ બનશે. પ્રવાસીઓ સરળતાથી સસ્તા દરે ભુતાનની મુલાકાત લઈ શકશે. રેલવે લિંકનું નિર્માણ ભારત સરકાર તરફથી કરવામાં આવશે. બંને દેશો વચ્ચે કનેક્ટિવિટીમાં સુધારો થતાં આસામનું બોડોલેન્ડ ટ્રાન્સિટ અને ટ્રેડ હબ તરીકે ઉભરી આવશે. નોર્થ-ઈસ્ટના સ્થાનિક બિઝનેસ અને સમુદાયોને ભુતાનમાં વેપાર સંબંધો સ્થાપિત કરવાની તક મળશે. ઉલ્લેખનીય છે, વર્ષ૨૦૧૮થી ભારત પોતાના રેલવે નેટવર્કને ભુતાન સાથે જોડવા માગે છે.

ભારતના પાડોશી દેશો પાકિસ્તાન, બાંગ્લાદેશ, મ્યાનમાર, અફઘાનિસ્તાનમાં રાજકીય ઉથલ-પાથલના કારણે કનેક્ટિવિટી નેટવર્ક સંબંધિત સંબંધો અવારનવાર ખોટવાયા છે. નવેમ્બર, ૨૦૨૩માં ભારત-મ્યાનમાર રેલ નેટવર્ક પ્રોજેક્ટ માટે મિઝોરમની રાજધાની એજવાલથી મ્યાનમારની બોર્ડર હિબિછુઆહ સુધી ૨૨૩ કિમી રેલવે લાઈનનો સર્વે હાથ ધરાયો હતો. પરંતુ મ્યાનમારમાં રાજકીય ઉથલપાથલના કારણે આ પ્રોજેક્ટ અધવચ્ચે જ અટકી પડ્યો હતો.બાંગ્લાદેશમાં પણ સત્તાપલટો બાદ ત્રિપુરાના અગરતલાથી બાંગ્લાદેશના અખોરા માટે ભારત-બાંગ્લાદેશ રેલવે લિંકનો પ્રોજેક્ટ ખોટવાયો છે. આ નવા રેલવે પ્રોજેક્ટનું બજેટ રૂ. ૭૦૮.૭૩ કરોડનું હતું. પરંતુ શેખ હસીનાના પલાયન બાદથી જુલાઈ, ૨૦૨૪થી બંગાળ અને બાંગ્લાદેશ વચ્ચે ટ્રેન સર્વિસ બંધ છે.

## અંજારઃ સગી માતા પર પુત્રનો બળાત્કારઃ માતાનું મોત થતાં બનાવ રેપ વીથ મર્ડરમાં પલટાયો




ગુજરાતના અંજારમાંથી માતા-દીકરાના સંબંધને લજાવતી ઘટના સામે આવી છે. ગુરૂવારે (૨૭ ફેબ્રુઆરી) ૫૦ વર્ષના દીકરાએ દારૂના નશામાં ૮૦ વર્ષની માતા પર દુષ્કર્મ આચર્યું હતું. આ ઘટના બાદ વૃદ્ધાને બ્રેઈન સ્ટ્રોક આવ્યો હતો. બાદમાં તેને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી પરંતુ, સારવાર દરમિયાન સોમવારે (ત્રીજી માર્ચ) વૃદ્ધાનું મૃત્યુ નિપજ્યું છે. આ મામલે આરોપીના નાના ભાઈની પત્નીએ હવે અંજાર પોલીસ સ્ટેશનમાં સગી માતા સામે દુષ્કર્મ આચરી હત્યા કરવાનો ગુનો નોંધાવ્યો છે. પોલીસે આ નરાધમ દીકરાની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.મળતી માહિતી અનુસાર, અંજાર તાલુકાના સતાપર ગામે ૨૭મી ફેબ્રુઆરી માનવ જાતને હચમચાવી દેનારી ઘટના સામે આવી હતી. ૫૦ વર્ષીય પુત્રએ ૮૦ વર્ષની માતા પર દુષ્કર્મ આચર્યું હતું. પુત્રએ આચરેલાં પાપના કારણે બ્રેઈન સ્ટ્રોક અને હેમરેજનો શિકાર બનેલી વૃદ્ધા માતાએ બેહોશીની હાલતમાં વેન્ટિલેટર પર દમ તોડી દીધો છે.

## હાઉસિંગ સોસાયટીઓમાં વસૂલાતી ટ્રાન્સફર ફીના નિયમોમાં સુધારો, ગુજરાત સરકારનો મોટો નિર્ણય



ગુજરાતમાં ૩૦ હજારથી વધુ હાઉસિંગ અને હાઉસિંગ સર્વિસ સોસાયટી છે, ત્યારે આવી સોસાયટીઓનું સંચાલન સહકારી કાયદા અન્વયે થતું હોય છે. આવી સોસાયટીઓમાં કોઈ વ્યક્તિ દ્વારા ઘરની ખરીદી કરાય ત્યારે સોસાયટી દ્વારા તે વ્યકિત પાસેથી ટ્રાન્સફર ફી વસૂલાય છે. આવી ટ્રાન્સફર ફી બાબતે સહકારી કાયદા અને નિયમોમાં જોગવાઈ ન હોવાના અભાવે, સોસાયટીઓ દ્વારા મનમાની કરીને વ્યક્તિઓ પાસેથી મોટી ટ્રાન્સફરથી વસૂલાતી હોવાની ફરિયાદો રાજ્ય સરકારને મળતી હતી. આ વાતને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે સહકારી કાયદામાં સુધારા કર્યા છે. રાજ્ય સરકારે ત્રીજી માર્ચ, સોમવારના રોજ સહકારી કાયદામાં સુધારા કરી કેટલાક નિયમો નક્કી કર્યા છે. જે અનુસાર હાઉસિંગ અને હાઉસિંગ સર્વિસ સોસાયટીઓમાં કોઈ પણ ઘરનાં ખરીદ/ વેચાણ સમયે કુલ અવેજ રકમના ૦.૫ ટકા અથવા વધુમાં વધુ રૂ. એક લાખ કરતાં કોઈ વધુ ટ્રાન્સફર ફી વસૂલ કરી શકશે નહીં તેવી જોગવાઈ કરાઈ છે. આ રકમ મહત્તમ છે, તેથી હાઉસિંગ અને હાઉસિંગ સર્વિસ સોસાયટી પોતાની મેળે તે રકમમાં ઘટાડો કરી શકે છે. જો કે, કોઈ પણ સંજોગોમાં આ રકમથી વધુ રકમ વસૂલ કરી શકાશે નહીં.આ અંગે સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું કે, હાઉસિંગ અને હાઉસિંગ સર્વિસ સોસાયટીઓમાં પ્રમુખ/મંત્રી અને કમિટી સભ્યો દ્વારા મકાનની ખરીદ/વેચાણ સમયે વ્યક્તિને ટ્રાન્સફર ફી વસૂલવા માટે કરાતી કાર્યવાહી સામેમાં પણ મોટી રાહત મળશે. આ નિયમો અનુસાર, કોઈપણ કાયદેસરના વારસદારને જો કોઈ અવેજ વગર મિલકત ટ્રાન્સફર કરાઈ હશે તો પણ ટ્રાન્સફર ફી વસૂલી નહીં શકાય. આ ઉપરાંત જો કોઈ વ્યક્તિ પાસેથી ડેવલપમેન્ટ ચાર્જ, દાન કે અન્ય કોઈપણ નામે ગમે તેટલી રકમ (ટ્રાન્સફર સમયે) સોસાયટી દ્વારા વસૂલ કરી શકાશે નહીં.

## યુક્રેન પીસ પ્લાન પર સંમતિ, અમેરિકાથી સુરક્ષાની ગેરન્ટી..



શુક્રવારે વ્હાઇટ હાઉસની ઓવલ ઑફિસમાં અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને યુક્રેનના પ્રમુખ વોલોડીમિર ઝેલેન્સકી વચ્ચેની ઉગ્ર દલીલ સમગ્ર વિશ્વમાં ચર્ચાનો વિષય બની છે. તે એક સામાન્ય બેઠક હતી જે પાછળથી ઉગ્ર દલીલમાં ફેરવાઈ ગઈ હતી. હવે આ બંને દિગ્ગજો વચ્ચેની દલીલથી વૈશ્વિક સ્તર પર એક નવા પ્રકારનો તણાવ વધી ગયો છે. ઝેલેન્સકી અમેરિકાથી સીધા બ્રિટન પહોંચ્યા હતા, જ્યાં બ્રિટનના વડાપ્રધાન કીર સ્ટાર્મરે તેમનું દિલ ખોલીને સ્વાગત કર્યું. યુક્રેનના સમર્થનમાં બ્રિટનમાં યુરોપીય નેતાઓની ઈમરજન્સી બેઠક બોલાવી. બ્રિટનના વડાપ્રધાન કીર સ્ટાર્મરે રવિવારે લંડનમાં યુરોપિયન નેતાઓના એક મહત્ત્વપૂર્ણ શિખર સંમેલનનું આયોજન કર્યું હતું. યુરોપિયન નેતાઓના આ શિખર સંમેલનમાં સ્ટાર્મરે યુરોપની સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરી અને યુક્રેનને સમર્થન આપવાનું આશ્વાસન આપ્યું. આ સંમેલનનો ઉદ્દેશ્ય રશિયા-યુક્રેન યુદ્ધ તેમજ યુક્રેનના પ્રમુખ વોલોડીમિર ઝેલેન્સકી અને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચેની ઉગ્ર દલીલના કારણે ઊભી થયેલી પરિસ્થિતિનો ઉકેલ લાવવાનો હતો.

બ્રિટિશ પીએમ એ કહ્યું કે, યુરોપિયન નેતાઓ વચ્ચે યુક્રેનમાં શાંતિ સ્થાપવા માટે પીસ પ્લાન પર સંમતિ બની છે, જેને અમેરિકા સામે રજૂ કરવામાં આવશે. ઈ નેતાઓ વચ્ચે સંમતિ બની છે કે, યુક્રેનની મદદ માટે ડિફેન્સ પર ખર્ચ વધારવો પડશે. બ્રિટિશ પીએમ સ્ટાર્મરે કહ્યું કે, બ્રિટન, યુક્રેન, ફ્રાન્સ અને અન્ય દેશોએ યુક્રેન પીસ પ્લાન માટે એકજૂઠ થવું જોઈએ. આ સમય વાત કરવાનો નથી એક્શન લેવાનો છે. આ સમય આગળ વધીને શાંતિ સ્થાપિત કરવાનો છે.

બ્રિટિશ વડાપ્રધાન કીર સ્ટાર્મરે બેઠક દરમિયાન રશિયા-યુક્રેન યુદ્ધ અંગે કહ્યું કે યુક્રેન માટે એક સારો કરાર હોવો મહત્ત્વપૂર્ણ છે કારણ કે, તે આ ખંડના તમામ દેશોની સુરક્ષા માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. આપણે ભૂતકાળની ભૂલોનું પુનરાવર્તન ન કરવું જોઈએ, જ્યારે નબળા કરારોએ પુતિનને ફરીથી હુમલો કરવાની તક આપી હતી. એ ધ્યાનમાં રાખવું જોઈએ કે યુક્રેન વિના યુક્રેન પર કોઈ ચર્ચા ન થવી જોઈએ. અમે એ વાત પર સંમત થયા છીએ કે, બ્રિટન, ફ્રાન્સ અને અન્ય દેશો યુક્રેન સાથે યુદ્ધ રોકવાની યોજના પર કામ કરીશું, જેના પર અમે અમેરિકા સાથે આગળ ચર્ચા કરીશું અને સાથે મળીને કામ કરીશું.તેમણે કહ્યું કે, યુરોપની સુરક્ષાને લઈને આ પેઢીઓમાં એક વાર આવનાર ખૂબ જ મહત્ત્વપૂર્ણ તક છે. પશ્ચિમી દેશોએ યુક્રેનને આપવામાં આવતી સહાય બમણી કરવી જોઈએ. બ્રિટન યુક્રેનને નવી મિસાઈલો ખરીદવા માટે ૧.૬ બિલિયન પાઉન્ડ (લગભગ બે બિલિયન યુએસ ડૉલર) આપશે. આ રકમમાંથી પાંચ હજાર એર ડિફેન્સ મિસાઈલો ખરીદવામાં આવશે. જર્મનનીના ચાન્સેલર ઓલાફ શોલ્જે કહ્યું કે, 'આજની બેઠક ખૂબ જ મહત્ત્વપૂર્ણ હતી. રશિયન હુમલાનો સામનો કરી રહેલા યુક્રેનને યુરોપનું સમર્થન બતાવવાની આ એક તક હતી.'પોલેન્ડના વડાપ્રધાન ડોનાલ્ડ ટસ્કે કહ્યું કે, '૫૦ કરોડ યુરોપિયનો ૩૦ કરોડ અમેરિકન નાગરિકોને વિનંતી કરી રહ્યા છે કે, ૧૪ કરોડ રશિયનોથી અમારી રક્ષા કરો. આનું કારણ એ છે કે આપણને આપણી જાત પર વિશ્વાસ નથી.'યુરોપિયન કમિશનના અધ્યક્ષે કહ્યું કે, 'આપણે શક્ય તેટલી વહેલી તકે યુરોપને હથિયારબંધ બનાવવું પડશે. આપણે સંરક્ષણ ક્ષેત્રમાં રોકાણ વધારવું પડશે. યુરોપિયન યુનિયનની સુરક્ષા માટે આ જરૂરી છે. આપણે અત્યારે સૌથી ખરાબ સ્થિતિ માટે તૈયાર રહેવું જોઈએ.

## ઈઝરાયલમાં ઘૂસવાની કોશિશ કરતા ભારતીય યુવકની હત્યા, સુરક્ષાદળે ગોળી મારી દીધી



કેરળના એક વ્યક્તિની જોર્ડન બોર્ડર પર ગોળી મારીને હત્યા કરી દેવાઈ છે. આ સંબંધમાં તેના પરિવારને અમ્માનમાં હાજર ભારતીય દૂતાવાસનો એક પત્ર મળ્યો છે. પત્ર અનુસાર યુવક ત્રણ અન્ય લોકોની સાથે પર્યટક વિઝા પર જોર્ડન ગયો હતો. તેને સુરક્ષા દળોએ ગોળી મારી દીધી છે. આરોપ લાગ્યો છે કે આ ત્રણેય શખ્ય ગેરકાયદેસર રીતે બોર્ડર પાર કરવાનો પ્રયત્ન કરી રહ્યાં હતાં. મૃતકની ઓળખ થૉમસ ગેબ્રિયલ પરેરા તરીકે થઈ. તેની ઉંમર ૪૭ વર્ષની હતી અને તિરુવનંતપુરમની પાસે થુંબાનો રહેવાસી હતો.મૃતકની સાથે હાજર ૪૩ વર્ષીય એડિસન નામની એક અન્ય વ્યક્તિને પણ ગોળી વાગી હતી. જોકે તે ઠીક થઈ ગયો. થુંબાનો જ મૂળ રહેવાસી એડિસન પણ બે દિવસ પહેલા કેરળમાં પોતાના ઘરે પહોંચ્યો. આ ઘટના ૧૦ ફેબ્રુઆરીની છે. થૉમસ અને એડિસન બંને માછીમાર સમુદાયથી હતાં અને ઓટોરિક્ષા ચલાવવાનું કામ કરતાં હતાં.

રિપોર્ટ્સ અનુસાર મૃતકના પરિવારજનોને જોર્ડનના અમ્માનમાં ભારતીય દૂતાવાસથી એક પત્ર મળ્યો, જેમાં કહેવામાં આવ્યું છે કે થૉમસ અને એક અન્ય વ્યક્તિ ગેરકાયદેસર રીતે કરકક જિલ્લામાં જોર્ડન બોર્ડર પાર કરવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. સુરક્ષા દળોએ તેને રોકવાનો પ્રયત્ન કર્યો પરંતુ તેણે ચેતવણી સાંભળી નહીં. સુરક્ષા કર્મચારીઓએ તેની પર ગોળીઓ ચલાવી દીધી. એક ગોળી થોમસના માથામાં વાગી અને તેનું ઘટના સ્થળે મોત નીપજ્યું. બાદમાં તેના મૃતદેહને સ્થાનિક હોસ્પિટલ મોકલી દેવાયા. વેરિફિકેશન બાદ મૃતદેહને ભારત લઈ જવાની વ્યવસ્થા કરવામાં આવશે.

પત્રમાં કહેવામાં આવ્યું છે કે મૃતકના મૃતદેહ અને ખાનગી સામાનને લઈ જવામાં થોડો ખર્ચ આવશે, જે ટૂંક સમયમાં મોકલવામાં આવશે. પત્રમાં પરિવારથી મૃતકના ઓળખ પત્રની ડિટેલ શેર કરવા માટે કહેવામાં આવ્યું છે. કેરળમાં થૉમસ અને એડિસનના પરિવારોએ કહ્યું કે 'આ બંને તે ચાર લોકોમાં સામેલ હતાં જે ૫ ફેબ્રુઆરીએ પર્યટક વિઝા પર જોર્ડન ગયા હતાં. જોર્ડનમાં કામ કરનાર એક કેરળવાસીએ તેમની મદદ કરી.'

જોર્ડનના કરક પ્રાંતની સરહદ પશ્ચિમમાં મૃત સાગર, પૂર્વમાં માઆન પ્રાંત અને ઉત્તરમાં મદાબા અને રાજધાની પ્રાંતથી લાગે છે.

## તંત્રી લેખ

# શેરબજારમાં તોફાની શરુઆત બાદ અચાનક મોટો કડાકો, સેન્સેક્સ-નિફ્ટી ફરી કડડભૂસ

વૈશ્વિક સ્તરે અનિશ્ચિતતાઓના વાદળો વચ્ચે ભારતીય શેરબજાર વોલેટાઈલ બન્યા છે. ફેબ્રુઆરીમાં મોટો કડાકો નોંધાયા બાદ માર્ચની શરુઆત પોઝિટિવ નોટ સાથે કરી હતી. જો કે, થોડી જ ક્ષણોમાં માર્કેટ કડડભૂસ થયા હતા. રોકાણકારોને વધુ ૩ લાખ કરોડનું નુકસાન થયું હતું. શેરબજારમાં કડાકાના પગલે સૌથી વધુ નુકસાન સ્મોલકેપ શેરોમાં જોવા મળ્યું છે. આજે બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સ વધુ ૧૦૦૦ પોઈન્ટ તૂટ્યો છે.સેન્સેક્સ ઉછાળા સાથે ખૂલ્યા બાદ ૪૫૧.૬૨ પોઈન્ટ સુધર્યો હતો. જો કે, બાદમાં ૪૦૧.૦૬ પોઈન્ટનો કડાકો નોંધાયો હતો. ૧૦.૪૦ વાગ્યે સેન્સેક્સ ૧૯૮ પોઈન્ટના કડાકે ૭૩૦૦૦.૧૦ પર ટ્રેડ થઈ રહ્યો હતો.નિફ્ટીએ ૨૨૧૫૦નું સપોર્ટ લેવલ તોડ્યું છે. આજે તે ૨૨૦૧૨.૨૫ થયો હતો. જેથી નિફ્ટી ૫૦ જો ૨૨૦૦૦નું લેવલ તોડશે તો મંદીનું જોર વધવાની ભીતિ રોકાણકારોમાં જોવા મળી છે. પીએસયુ શેરોમાં પણ વેચવાલીના પગલે માર્કેટ કેપ ૧૫ માસના તળિયે પહોંચી છે.

સ્થાનિક સ્તરે જીડીપીના મજબૂત ડેટા, તેમજ વૈશ્વિક રેટિંગ એજન્સીઓ દ્વારા દેશનો આર્થિક ગ્રોથ વેગવાન રહેવાની સંભાવનાઓને પગલે શેરબજારમાં ઉછાળો જોવા મળ્યો હતો. જો કે, એફઆઈઆઈનું વેચાણ પ્રેશર, તેમજ ટેરિફ વોર, જિઓ-પોલિટિકિલ ક્રાઈસિસે માર્કેટ પર પ્રેશર બનાવ્યું છે. અમેરિકાની ચીન પર ૧૦ ટકા ટેરિફ લાદવાની નીતિ આ સપ્તાહે લાગુ થવાની છે. સામે ચીને પણ કૃષિ પ્રોડક્ટ્સ પર ટેરિફ લાદવાની તૈયારી દર્શાવી છે. બીજી તરફ યુક્રેન અને રશિયા વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં યુક્રેન શાંતિ કરાર કરવા તૈયાર ન હોવાની અટકળોએ જિઓ પોલિટિકલ ક્રાઈસિસ વધી છે.

# રાવળ યોગી યુવા વિકાસ ટ્રસ્ટ તથા મહાકાલ યોગી આશ્રમ ચેરીટેબલ ટ્રસ્ટ, ગાંધીનગર દ્વારા માધવગઢ ગામમાં ૨ માર્ચ ૨૦૨૫ ના રોજ ચોથા ભવ્ય સમૂહ લગ્નોત્સવ યોજાયો






સામાજિક સમરસતા અને સહભાગીતાના ઉત્કૃષ્ટ ઉદાહરણરૂપે, રાવળ યોગી યુવા વિકાસ ટ્રસ્ટ તથા મહાકાલ યોગી આશ્રમ ચેરીટેબલ ટ્રસ્ટ, ગાંધીનગર દ્વારા માધવગઢ ગામમાં ૨ માર્ચ ૨૦૨૫ ના રોજ ચોથા ભવ્ય સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં ૧૫ નવયુગલોએ પ્રભુતામાં પગલાં માંડ્યા હતા. આ શુભ પ્રસંગે અમદાવાદ પૂર્વના સાંસદ હસમુખભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.ગાંધીનગર દક્ષિણ, પૂર્વ અને માણસા તાલુકાના ધારાસભ્યોએ પણ હાજરી આપી હતી. માધવગઢ, સાદરા, જાખોરા અને આસપાસના ગામોના સરપંચો પણ આ સમારોહમાં જોડાયા હતા. સમારોહમાં ઉપસ્થિત મહાનુભાવોએ નવદંપતીઓને આશીર્વાદ પાઠવ્યા હતા અને તેમના સુખી દાંપત્ય જીવનની શુભકામનાઓ વ્યક્ત કરી હતી.

ટ્રસ્ટ દ્વારા તમામ નવદંપતીઓને જીવન જરૂરી વસ્તુઓ ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી, જે તેમના નવા જીવનની શરૂઆત માટે ઉપયોગી સાબિત થશે. આ સમૂહ લગ્ન સમારોહમાં સામાજિક સમરસતા અને એકતાનું સુંદર ઉદાહરણ જોવા મળ્યું હતું. સમારોહનું આયોજન ખૂબ જ વ્યવસ્થિત રીતે કરવામાં આવ્યું હતું, જેમાં તમામ મહેમાનો અને નવદંપતીઓની સુવિધાનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું હતું. સ્થાનિક ગ્રામજનોએ મોટી સંખ્યામાં હાજરી આપીને આ પ્રસંગને વધુ યાદગાર બનાવ્યો હતો. રાવળ યોગી યુવા વિકાસ ટ્રસ્ટ તથા મહાકાલ યોગી આશ્રમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત આ સમૂહ લગ્નોત્સવ સમાજ માટે એક પ્રેરણાદાયી કાર્યક્રમ બની રહ્યો હતો. આવા આયોજનો સમાજમાં એકતા અને સહકારની ભાવનાને પ્રોત્સાહન આપે છે.

# શીતલ કુલ પ્રોડક્ટસ લિમિટેડ અને નિયોપોલીટન પીઝા એન્ડ ફૂડ્સ લિમિટેડ વચ્ચે સ્ટ્રેટેજીક પાર્ટનરશીપ કરાર........

આઈસ્ક્રીમ તથા અન્ય ફૂડ પ્રોડક્ટ ઉત્પાદક શીતલ કુલ પ્રોડક્ટ લિમિટેડ અને પીઝા ક્ષેત્રમાં જાણીતી ક્યુ એસ આર( ક્વિક સર્વિસ રેસ્ટોરાં) ચેઈન નીયોપોલિટન પીઝા એન્ડ ફૂડ લિમિટેડ વચ્ચે પરસ્પર બિઝનેસ સહયોગ અંગેના બિઝનેસ પાર્ટનરશીપ કરાર- મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ કરવામાં આવ્યા છે..નેશનલ સ્ટોક એક્સચેન્જ એનએસઈ અને બીએસઈ પર લિસ્ટેડ શીતલ કુલ પ્રોડક્ટ લિમિટેડ દેશભરમાં આઈસ્ક્રીમ તથા વિવિધ ફૂડ પ્રોડક્ટ ઉત્પાદન અને સપ્લાય કરી રહી છે, હવે વડોદરા સ્થિત અને બોમ્બે સ્ટોક એક્સચેન્જ એસએમઈ પ્લેટફોર્મ પર લીસ્ટેડ કંપની નીયોપોલિટન પીઝા એન્ડ ફૂડ લીમીટેડ સાથેના આ કરારને પગલે વિવિધ પીઝા આઉટલેટ ખાતે પિઝાની સાથે આઈસ્ક્રીમ તથા અન્ય ફૂડ પ્રોડક્ટ પણ ગ્રાહકો માટે ઉપલબ્ધ થશે. નિયોપોલિટન પીઝા એન્ડ ફૂડ લિમિટેડના ચેરમેન મુકુંદભાઈ પુરોહિતે જણાવ્યું હતું કે, અમારી કંપની અને શીતલ કુલ પ્રોડક્ટ લિમિટેડ વચ્ચે કરાર થવાને પગલે, શીતલ કુલ લિમિટેડની તમામ પ્રોડક્ટ જેવી કે ડેરી પ્રોડક્ટ, રેડી ટુ કૂક અને રેડી ટુ ઈટ તથા અન્ય પ્રોડક્ટ નિયો પોલિટનના રેસ્ટોરન્ટ અને એક્સપ્રેસ પ્લેટફોર્મ પર ઉપલબ્ધ થશે આમ બંને કંપની માટે સંયુક્ત રીતે ગ્રોથ કરવાની તકો ઉભી થશે.

# શહેરમાં ગ્રીન કવર એરિયા વધારવાની સુફિયાણી વાતો, ૩ વર્ષમાં વાવેલા ૭૧ લાખ પૈકી ૨૫ લાખ રોપા કરમાયા



અમદાવાદના ગ્રીન કવર એરિયામાં વધારો કરવાની સુફીયાણી વાતો વચ્ચે ત્રણ વર્ષમાં બગીચા ખાતાએ શહેરના વિવિધ વિસ્તાર અને મ્યુનિ.ના પ્લોટ તેમજ રોડ ડિવાઈડર ઉપર વાવેલા ૭૦.૯૪ લાખ રોપાં પૈકી ૨૪.૮૩ લાખ રોપાં કરમાઈ ગયા છે.ત્રણ વર્ષમાં બગીચા ખાતાએ કુલ રુપિયા ૬૬.૨૧ કરોડના ૩૯૪ કામ બગીચાને લગતી કામગીરી માટે કોન્ટ્રાકટરોને આપ્યા હતા. આ પૈકી ૩૨૩ કામ કવોટેશનથી જયારે ૭૧ કામ સિંગલ ટેન્ડરથી અપાયા હતા.

ગ્લોબલ વૉર્મિંગના તોળાઈ રહેલાં ભય અને પર્યાવરણનું જતન કરવાની શાસકો દ્વારા દુહાઈ આપવામાં આવે છે. મિશન મિલીયન થ્રી અંતર્ગત ત્રીસ લાખથી વધુ રોપાં રોપાયા હોવાનો દાવો આગળ કરીને શાસકપક્ષના હોદ્દેદારો દ્વારા વૃક્ષ વાવતા ફોટા પાડીને તેને વિવિધ સોશિયલ મિડીયા ઉપર અપલોડ કરવામાં આવે છે.

વર્ષ-૨૦૧૧ માં થયેલી ગણતરી મુજબ શહેરનો ગ્રીન કવર એરીયા ૪.૬૬ ટકા હતો.જે પછી શાસકો તરફથી શહેરનો ગ્રીન કવર એરીયા ૧૨ ટકાથી વધારીને ૧૫ ટકા સુધી પહોંચાડવાની જાહેરાત કરાઈ હતી.વિપક્ષનેતા શહેજાદખાન પઠાણે કહયુ,ત્રણ વર્ષમાં વાવવામાં આવેલા ૭૦ લાખથી વધુ રોપાં પૈકી ૨૪ લાખથી વધુ રોપાં કરમાઈ જાય આમ છતાં એકપણ કોન્ટ્રાકટરને બ્લેકલિસ્ટ કરવાની કાર્યવાહી મ્યુનિસિપલ વહીવટીતંત્ર કે સત્તાધારી પક્ષ તરફથી કરવામાં આવી નથી.અલગ અલગ સ્પોટ ઉપર રોપાં રોપાયા પછી તે રોપાંઓને સમયસર પાણી પાવા માટેની કામગીરી પણ કોન્ટ્રાકટર પાસેથી કરાવવામાં આવતી હોય છે.રોપાંનુ જતન નહીં થતાં કરમાઈ જાય છે.

# બેફામ ડમ્પરનો આતંક, ગુજરાતના પૂર્વ મંત્રીની કારનો બુકડો બોલાવ્યો, સદભાગ્યે આબાદ બચાવ



ગુજરાત સરકારના પૂર્વ મંત્રી અને કપડવંજના પૂર્વ ધારાસભ્ય બિમલ શાહની કારને બેફામ ડમ્પર ચાલકે અડફેટે લીધાની માહિતી સામે આવી છે. બિમલ શાહ તેમના પૂર્વ મતવિસ્તાર કપડવંજની મુલાકાતે ગયા હતા તે સમયે જ આ ઘટના બની હતી. પ્રાપ્ત વિગતો અનુસાર કપડવંજથી અમદાવાદ જતા ડમ્પરો પીઠાઈ ટોલ પ્લાઝા ટેક્સ બચાવવા તોરણાથી છીપડી માર્ગ પર બેફામ દોડી રહ્યા છે. ત્યારે અહીંથી પસાર થતા પૂર્વ મંત્રી બિમલ શાહની કારને પણ અડેફેટે લેવામાં આવી હોવાની માહિતી મળી રહી છે.

કોંગ્રેસ સૂત્રોના જણાવ્યા અનુસાર સદનસીબે કારમાં સવાર પૂર્વ મંત્રી બિમલ શાહનો આબાદ બચાવ થયો છે. અકસ્માતની જાણ થતા કાર્યકરો અને હોદ્દેદારોએ ખબર અંતર પૂછ્યા હતા. તોરણાથી છીપડી માર્ગ બિસ્માર હોવાથી વાહન ચાલકો વાહન પરનો કાબુ ગુમાવતા અવારનવાર અકસ્માતો સર્જાવાની ઘટના બને છે.

# ઓઢવ,અમરાઈવાડી,જશોદાનગર રબારી વસાહતની જગ્યા રહેવાસીઓને વેચાણથી આપવા કવાયત

અમદાવાદ,

વર્ષ-૧૯૬૦માં ઓઢવ ઉપરાંત અમરાઈવાડી અને જશોદાનગર વિસ્તારમાં માલધારી સમાજના લોકોને પશુ બાંધવા જગ્યા મ્યુનિ.તંત્ર દ્વારા અપાઈ હતી.હાલ આ જગ્યામાં બાંધકામો થઈ ગયા છે.માલધારી સમાજના આગેવાનો દ્વારા માલધારી સમાજના લોકો પરિવાર સાથે ઘણાં વર્ષોથી આ ત્રણ રબારી વસાહતમાં વસવાટ કરે છે આ કારણથી મ્યુનિ.તંત્રના હોદ્દેદારો અને અધિકારીઓ સમક્ષ પ્લોટ અને જગ્યા વેચાણથી આપવા રજૂઆત કરાઈ છે. મ્યુનિસિપલ તંત્ર આગામી સમયમાં આ અંગે ઠરાવ કરી રાજય સરકારની મંજૂરી માટે મોકલી આપશે.રાજય સરકાર નકકી કરે એ ભાવથી પ્લોટ કે જમીન આપવા અંગે નિર્ણય કરાશે.

અમદાવાદ મ્યુનિ.ના એસ્ટેટ વિભાગ તરફથી થોડા સમય પહેલાં અમદાવાદના પૂર્વ વિસ્તારમાં આવેલી જુદી જુદી રબારી વસાહતમાં રબારી વસાહત વિસ્તારમાં બિન પરવાનગીના બાંધકામ તોડવાની કાર્યવાહી કરાઈ હતી.જે પછી માલધારી સમાજના આગેવાનો દ્વારા રાજય સરકાર સુધી પ્લોટ અથવા જગ્યા વેચાણથી આપવા રજૂઆત કરાઈ છે..શનિવારે માલધારી સમાજના પ્રતિનિધિ મંડળે મેયર સહીત મ્યુનિ.ના અન્ય પદાધિકારીઓની સાથે બેઠક કરી હતી.બેઠકમાં માલધારી સમાજના આગેવાનો દ્વારા તેઓ વર્ષોથી આ જગ્યાએ વસવાટ કરતા હોવાથી આ જગ્યા અથવા પ્લોટ વેચાણથી આપવા મેયર સહીતના હોદ્દેદારો સમક્ષ રજૂઆત કરી હતી. સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન દેવાંગ દાણીએ કહયુ,આગામી સમયમાં આ અંગે એક ઠરાવ કરી સરકારની મંજૂરી માટે મોકલાશે.

# વિદેશમાં રોકાણ કરનારા ફસાયા, આવકવેરા વિભાગે મોકલી નોટિસ, વિગતો જાહેર કરવા ફરમાન



વિદેશમાં મિલકતો ખરીદીને કરેલા રોકાણ અંગેની વિગતો જાહેર કરી દેવા માટે અપડેટેડ રિટર્ન ફાઈલ કરવાની કરદાતાઓને તક આપવામાં આવી છે. પરંતુ કરદાતાઓ તરફથી સંભવતઃ યોગ્ય પ્રતિભાવ ન મળતા સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસની સૂચનાથી કરદાતાઓને વિદેશમાં કરેલા રોકાણ અંગેની જાહેરાત કરવાના આદેશ સાથેની નોટિસો આપવામાં આવી રહી છે. લિબરલાઈઝ રેમિટન્સ સ્કીમ હેઠળ રોકાણકાર પતિ-પત્ની હોય તો ૨.૫ લાખ વત્તા ૨.૫ લાખ ડોલર મળીને ૫ લાખ મોકલી શકે છે. પરંતુ તેનો રીટર્નમાં ઉલ્લેખ ન કરે કે ભૂલી જાય તો તેવા સંજોગોમાં તેમની સામ ફેમાં હેઠળ પગલાં લેવામાં આવી રહ્યા છે.

આ જ રીતે હપ્તાથી એટલે કે ૨૦ ટકા રકમ ભરી બાકીની રકમ હપ્તાથી આપવાના કરાર કરનાર ઈન્વેસ્ટર્સને પણ વિદેશમાં રોકાણ કરવા માટે મૂડી ક્યાંથી લાવ્યા તેના ખુલાસાઓ આપવા પડી રહ્યા છે. આ વિગતો રિટર્નમાં ડિક્લેર ન કરનારાઓને ૧૦ લાખ રૂપિયાનો દંડ પણ કરવામાં આવી રહ્યો છે. તેથી જ વિદેશમાં રોકાણ કરનારા કરદાતાઓને અપડેટેડ રિટર્ન ફાઈલ કરી દેવાની તક આપવામાં આવી છે. પહેલા વર્ષને અંતે વિદેશી રોકાણની વિગતો જાહેર કરી દેનારને વેરા-વત્તા વ્યાજની મળીને થતી કુલ રકમના ૨૫ ટકા દંડ ભરવાનો નિયમ કરવામાં આવ્યો છે.

બીજા વર્ષને અંતે વેરા-વ્યાજની કુલ રકમના ૫૦ ટકાને ત્રીજા વર્ષે વેરા-વ્યાજની મૂળરકમના ૬૦ ટકા તથા ચોથા વર્ષને અંતે વેરા-વ્યાજની રકમ ઉપરાંત ૭૦ ટકા પેનલ્ટી ભરવાની જોગવાઈ કરવામાં આવેલી છે. આ રીતે આવક બતાવવાનું ચૂકી ગયેલા કરદાતાઓને નોટિસ આપવામાં આવી છે. સરકાર ઈચ્છે છે કે ભારતીય નાગરિકે તેમણે વિદેશમાં કરેલા રોકાણની વિગતો જાહેર કરી દે. બીજી તરફ દુબઈમાં રોકાણ કરવું સરળ હોવાથી ઘણાં લોકો દુબઈની મિલકતોમાં રોકાણ કરી રહ્યા છે.

સરકારને આ હકીકતનો અંદાજ આવવા માંડ્યો હોવાથી સરકારે તેના પર ફોકસ કરીને તેમની આવકની વિગતો મેળવવા માટે અપડેટેડ રિટર્ન ફાઈલ કરવાનો વિકલ્પ પૂરો પાડયો છે. અપડેટેડ રીટર્નની મુદત પૂરી થઈ ગયા પછી કરદાતાઓ પર તવાઈ આવવાની સંભાવનાને નકારી શકાય નહી.

વિદેશી ઈન્વેસ્ટમેન્ટના જાણકાર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કરીમ લાખાણીનું કહેવું છે કે દુબઈમાં ૨૦ ટકા પૈસા ભરી દેનારને મિલકતનો દસ્તાવેજ કરી આપવામાં આવે છે. બાકીની રકમ ૧ ટકાના હપ્તાથી વગર વ્યાજે જમા આપવાની છૂટ છે. તેની સામે મૂડી રોકાણને વરસે ૮થી ૧૦ ટકા જેટલું ભાડું પણ છૂટી જાય છે. તેથી ભારત અને ગુજરાતમાંથી મોટી સંખ્યામાં રોકાણકારો તેમના નાણાં દુબઈની મિલકતોમાં રોકી રહ્યા છે. દુબઈની મિલકતમાં એપ્રિશિયેશન પણ ખાસ્સું મળતું હોવાથી રોકાણકારો તેની તરફ ફંટાયા છે. દુબઈમાં પર્સનલ ઈન્કમટેક્સ ઝીરો છે. ભાડાંની આવક પર કોઈ જ ટેક્સ લાગતો નથી. કેપિટલ ગેઈન ટેક્સ ઝીરો છે.

# ગેરકાયદે ખનન કેસમાં આઠ મહિના બાદ ત્રણ આરોપીની ધરપકડ

સાયલાઃ સાયલા તાલુકાના જસાપર ગામમાં ગેરકાયદે ખનન કેસમાં આઠ મહિના બાદ ત્રણ આરોપીની ધરપકડ કરવામાં આવી છે. જૂન ૨૦૨૪માં લીબડી ડીવાયએસપી, સુરેન્દ્રનગર ખાણ ખનીજ સહિતની ટીમે દરોડો કરી ૨.૩૦ કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.સાયલા તાલુકાના જસાપર ડેમ વિસ્તારમાં સર્વે નંબર ૨૯ વાળી સરકારી જમીનમાં બ્લેક સ્ટોન પથ્થરનું ગેરકાયદેસર ખોદકામ મોટા પ્રમાણમાં કરવામાં આવી રહ્યું હતું. જે દરમિયાન લીંબડી ડીવાયએસપી સુરેન્દ્રનગર ખાણ ખનીજ સહિતની ટીમે જૂન ૨૦૨૪માં દરોડો કર્યો હતો. જેમાં બે ડાળમાં ૧૦૦-કિલો ગ્રામ એક્સપલોઝિવનો જથ્થો પ્લાન્ટેશન કરેલો મળી આવેલ હતો.

સમગ્ર બનાવ જૂન-૨૦૨૪ ના રોજ બનેલ હતો ત્યારબાદ સમગ્ર મામલે ફરિયાદ ૨૬-જૂન ૨૦૨૪ પર નોંધાવા પામી હતી. જેમાં ખાણ સંચાલક આરોપી રતનાવીરા અલગોતરનું નામ ખોલવા પામ્યું હતું તેમજ એક્સપલોઝિવનો જથ્થો મોકલનાર તેમજ તપાસમાં જે ખુલે તે સામે ફરિયાદ નોંધાઈ હતી. સુરેન્દ્રનગર ખાણ ખનીજ દ્વારા ખોદકામ બાબતે ૨.૩૦ કરોડનો દંડ ફટકારી કાર્યવાહી કરવામાં આવી હતી. સમગ્ર મામલે આઠ મહિના બાદ ત્રણ આરોપીને સાયલા પોલીસે ઝડપી પાડયા હતા. જેમાં રતના વીરા અલગોતર, કુલદીપસિંહ મહિપતસિંહ જાડેજા, રણછોડ દુધરેજીયાને ઝડપી કાર્યવાહી કરી લીમડી જેલ હવાલે કરવામાં આવ્યા હતા. મળતી માહિતી મુજબ સમગ્ર કેસમાં મુખ્ય આરોપીઓને બચાવી અન્ય આરોપીઓ રજૂ કરી તપાસ પૂર્ણ કરાઈ છે. જ્યારે હાલ સમગ્ર મામલે જોવા જઈએ તો આઠ મહિના બાદ ગેરકાયદેસર ખોદકામ બાબતે લેન્ડ ગ્રેબિંગ મુજબ કાર્યવાહી થશે કે કેમ તેવી ચર્ચાએ જોર પકડયું છે.

# ધંધુકામાં એક સાથે સાત મકાનના તાળા તૂટયાં, ૨.૭૦ લાખની ચોરી

ધંધુકાઃ ધંધુકા પંથકમાં તસ્કરોએ પોલીસને પડકાર ફેંક્યો હોય તેમ કુલ મળી એક સાથે સાત રહેણાંકના મકાનને નિશાન બનાવ્યા હતાં. જેમાં બે બંધ મકાનમાંથી રોકડ અને ચાંદીના ઘરેણા મળી કુલ રૂા.૨.૭૧ લાખની માલમત્તા ઉઠાવી નાસી છૂટયા હતાં. જયારે પાંચ મકાનોમાં તાળા તોડયા અને ચોરીનો પ્રયાસ કર્યો હતો. ધંધુકા પોલીસે ફરિયાદ નોંધી તસ્કરોને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યાં છે.આ બનાવની પ્રાપ્ત થતી વિગત અનુસાર ધંધુકાના સતવારા સોસાયટી ખાતે રહેતા દિલીપભાઈ હરજીભાઈ ચાંપાનેરી પોતાનું ઘર બંધ કરી પત્નીને તેડવા માટે ગયા હતાં. તે દરમિયાન અજાણ્યા શખ્સે ઘરના દરવાજાનો નકુચો તોડી, ઘરમાં પ્રવેશી ઘરમાં રાખેલી તિજોરીના તાળા તોડી તિજોરીમાં પડેલા રોકડા રૂા.૭૦ હજાર, ચાંદીના ઘરેણા રૂા.૬ હજાર મળી કુલ રૂા.૭૬,૦૦૦ની ચોરી કરી નાસી છૂટયા હતાં. આ બનાવ સંદર્ભે દિલીપભાઈએ ધંધુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જયારે બીજા બનાવમાં ધંધુકાના ફેદરા ગામે રહેતા ખુમાનસિંહ ભીમભા ચૌહાણના રહેણાકના મકાનને તસ્કરોએ શિકાર બનાવી ઘરમાં રાખવામાં આવેલા રોકડા રૂા.૧.૮૫ લાખ અને ચાંદીના છતર રૂા.૧૦ હજાર મળી કુલ રૂા.૧.૯૫ લાખની ચોરી કરી તસ્કરો નાસી છૂટયા હતાં. તદ્ઉપરાંત ધંધુકાના અલગ-અલગ પાંચ વિસ્તારમાં તસ્કરોએ મકાનોના તાળા તોડી ચોરીનો પ્રયાસ કર્યોહતો.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ







દ્વંદ્વ જીજી દ્વં : ૨૨૯
વિષય : અંતરનાદ
શિર્ષક : અંતરની અટારીએથી સરતી સ્વર-સરીતા
પ્રકાર: ગદ્ય શબ્દો : ૩૨૫

મનના ઊંડાણમાંથી કોઈ વ્યક્તિ,વસ્તુ,વિષય કે વિશ્વની ગમે તે બાબત માટે જ્યારે આપણે વિચારીએ અને અભિપ્રાય આપીએ છીએ તો તે આપણે અંતરનાદથી વ્યક્ત કરીએ છીએ-તેમ કહી શકાય. એક વ્યક્તિ માટે જે વસ્તુ ઉત્તમ હોય તે અન્યની દ્રષ્ટિએ વિપરીત પણ હોઈ શકે છે માટે દરેક વ્યક્તિની સૃષ્ટિ અને દ્રષ્ટિ અલગ હોવાથી તેમના અંતરનાદ પણ વૈવિધ્ય ધરાવે છે.

સામાન્ય રીતે અંતર એટલે મન અને બે સ્થળો વચ્ચે ની દુરી કહી શકાય જેના કારણે બંને વચ્ચેના સાપેક્ષ અર્થ નીકળી શકે છે. જોકે અંતરને મનના સંદર્ભે જોતાં તે ખૂબ જ નિર્દોષ હોવાથી કપટી, ભયાનક અને વિનાશક સ્વરૂપની બાબતોથી અલિપ્ત હોય છે.

મનની દ્રષ્ટિએ ભૌતિક સુખ-સમૃદ્ધિ કરતા આધ્યાત્મિક ઊર્જાઓ અને તેની અગત્યતા ખાસ બાબત બને છે. મન કલ્પનાઓના ઘોડે ચડીને ઈચ્છિત વ્યક્તિ,વસ્તુ કે સાધન મેળવવા માટે વિનાસંકોચે સાત સમંદર પાર અવરજવર કરીને ભલે થોડી ક્ષણોનું માનસિક સુખ સંતોષ મેળવી લે છે. મનની ઈચ્છાઓનો સંતોષ એ જે તે વ્યક્તિના તનના સુખ- સંતોષ કરતા ક્યારેક વધુ શ્રેષ્ઠ હોય છે.

અહીં પ્રાચીનકાળમાં ઋષિમુનિઓ તપ કરીને શાંતિ અને સમાજની પ્રગતિ માટે માર્ગ શોધતા હતા. તે આશયથી તેઓ જાહેર જીવનથી દૂર જંગલમાં જઈને અદભુત સાધના આત્મ-મંથન કરી અંતરનો નાદ સાંભળીને ઈશ્વર પ્રાપ્તિની શોધ માટે કરતા હતા. જેની પાછળ ધાર્મિક, આધ્યાત્મિક અને સમગ્ર સમષ્ટિના કલ્યાણની ભાવના પાયામાં રહેલી છે. ભગવાન બુદ્ધ અને મહાવીરને પણ આવી જ સાધનાના અંતે મળેલ કેવલ જ્ઞાન આ બધાના ઉત્કૃષ્ટ ઉદાહરણ છે.

એકંદરે શાંત પરિસ્થિતિ, રાગ-દ્વેષના આવરણોથી દૂર અને શુદ્ધ ભાવનાત્મક વાતાવરણમાં જે વિચારો આપણે કરીએ છીએ-તેને અંતરનો નાદ કહી શકાય.આવા અંતરનાદથી વિરુદ્ધ જઈને દુનિયાના ત્રાજવે તોળીને સંબંધો સમાજ અને સંસ્કૃતિને વિખવાદ કરાવી તેવી બાબતોથીસર્વેએ દૂર રહેવું જોઈએ.

આપણા વડીલો, ધર્મગુરુઓ અને સંતો કોઈ પણ કાર્ય કરતા પહેલાં ખાસ શુદ્ધ-મનથી વિચારીને યોગ્ય લાગે તો જ તે કાર્ય કરવાનું સૂચન કરે છે જેનાથી વ્યક્તિના અંતરમાં ઊઠેલા અવાજ, સંનિષ્ઠનાદનું મહત્વ સચવાઈ જાય.

ઈતિહાસના પાને કોઈપણ દેશ,સમાજ કે સંસ્કૃતિમાં જડ,જોહૂકમીભર્યા વલણો અને સરમુખત્યારશાહીથી વિનાશ વેરાયેલો જોવા મળેલ છે. માટે જ તો કોઈ પણ પૂર્વગ્રહ વિના શુદ્ધ ચિત્તે સૌના હિતનો વિચાર કરીને સાચા અંતરનાદને મહત્વ આપી તે પ્રમાણે આચાર-વિચાર કરવામાં આપણા સૌનું ભલું છે

-લેખક-"પ્રપાશી" પરેશ મ. પાઠક.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

દ્વંદ્વ જીજી દ્વં ૧૮૪
વિષય :-અંતરનાદ
શીર્ષક :-અબોલનો આર્તનાદ
પ્રકાર :-પધ - શબ્દ :-

વિકાસની વાતો કરીને બધી જગાએ વિનાશ વેરનારા તમે,
ખુલ્લી આંખે જોતા હોવા છતાં ના જોયાનો ડોળ કરનારા તમે.

તમારા નાનપણની બધી વાતો, લાગણીઓ કેવી ફગાવી દીધી છે;
સાચા પ્રેમ ને લાગણીની સામે કૃતઘ્ન બની પથરો રહેનારા તમે.

અમારે તો ડાળી, ફૂલ, પાંદડાં, વડવાઈ ને વેલા બધું પૂરતું હતું;
આ કશું જ નહોતું તમારું છતાં બધેબધું છીનવી લેનારા તમે.
થોડીક જગા, માટી, કોથળા, કંતાન ને કૂંડાના સહારે જીવતા હતા;
સહેવાતું ના હોય સઘળું પડાવીને માણસમાંથી દાનવ બનનારા તમે.
ઈશ્વરે સૌનું સર્જન કર્યુ, ધરતી પર સૌને સરખા અધિકાર આપ્યા;
અબોલ જીવહત્યા કરો છો, પાપીઓ બની પેટ ભરનારા તમે.

બહુ હોશિયાર, બધું જ આવડે છે એમ કહી પોતાની 'પરખ' ભૂલી;
અમારી આ કમનસીબી, અમારા આર્તનાદને અંતરનાદ ગણનારા તમે.

હસમુખ બી. પટેલ 'હર્ષ'-'પરખ'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

★દ્વંદ્વજીજી દ્વં.: ૦૧૪૧★
★વિષય: "અંતરનાદ"★
★શીર્ષક: "આવતો રહેજે!★
★પ્રકાર: પદ્ય/અછાંદસ કવિતા★ ★શબ્દો: ૧૪૨★

ખબર મને છે નેપથ્ય રહી તું સહાય કરે છે સૌની;
આદિ અનાદિ પુજાઈ રહ્યો, ખેપ રઈ ભવભવની!
એમને એમ નહીં સાદું તને, સંકટ સમય સુધારજે!
અંતરનાદ સાંભળી મારો, હે પ્રભુ! સત્વરે તું આવજે...

મોહ માયા પળોજણ ઘણી, ને રસ્તા રહ્યા થોડા;
મારી હથોડા ખીલે બાંધ્યા, પળ પળ ભાગે ઘોડા!
ઈચ્છાઓ શુભ સાર્થક કરવા, આવરદા વધારજે!
અંતરનાદ સાંભળી મારો, હે પ્રભુ! સત્વરે તું આવજે...

દોડ્યો રહ્યો જીવનભર જ્યાં, લક્ષ્ય કોઈ ના દીઠું;
કસોટીઓ પાર કરી વગરની, મલક્યું ના મોં મીઠું!
ઊંડા દરિયે યાત્રા અમથી, ફૂટ નાવડી સંભાળજે!
અંતરનાદ સાંભળી મારો, હે પ્રભુ! સત્વરે તું આવજે...

કલ્પનાએ રૂડો રૂપાળો, સર્વ શક્તિમાન ભયેભયો;
ચિંતા હવે શાની કરવાની? સાથ તું વિશ્વાસે રહ્યો!
કસોટી સંસારે વળોટી, તું દ્વાર આવ્યો સત્કારજે!
અંતરનાદ સાંભળી મારો, હે પ્રભુ! સત્વરે તું આવજે...

: રસિકભાઈ વ પરમાર "રવ"★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

દ્વંદ્વ જીજી દ્વં. ૯૨
વિષય: અંતરનાદ
શીર્ષક: જીવનનું સુકાન
પ્રકાર: પદ્ય. શબ્દ : ૧૧૮

મારી અંતઃ સ્ફુરણા, સંસ્કાર અને મૂલ્યો
પ્રગટાવે છે અંતરનાદ, માનવી જે ભૂલ્યો.
ભટકી જાઉં જો જીવનસફરમાં,
સાચા રસ્તે દોરે છે પળભરમાં.

જ્યારે આવે કોઈ સંકટ ભારે,
મન રસ્તા સારાં - ખોટાય વિચારે.
અંતરનાદ ખોટા રસ્તાઓ ટાળે,
પુનઃ લાવી દે અનંત સુખ વચાળે.

જોઉં જો કોઈ દિન કે દુઃખી,
હૃદય દ્રવી ઊઠે એને નીરખી.
કરું યથાશક્તિ મદદ દિલથી,
જાણે પ્રીત જોડી મેં અખિલથી.

દુર્જનોને જોતાં જ મને એ ટોકે અપાર,
વારે દુર્ઘટનાઓ ને દુર્જનોના વાર.
સંભાળીને કરાવે જગ વ્યવહાર,
શિવ તત્ત્વ થી જોડે લાગણીઓની ધાર.

ક્યારેક જગાવે હૃદયે ટીસ,
પરમ તત્ત્વમાં વિલીન થવાની ચીસ.
શિવના ડમરુંની છે એ તાન,
અંતરનાદ, છે જીવન સુકાન.

અલકા નવિનચંદ્ર મહેતા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

દ્વંદ્વ જીજી દ્વં : ૦૧૧૦
વિષય- ★અંતરનાદ★
શીર્ષક-"★આત્માનો અવાજ★"
પ્રકાર-ગદ્ય શબ્દ- ૩૪૯

અંતરનાદ એટલે અંતરનો નાદ અથવા આત્માનો અવાજ. જ્યારે માણસ જીવનમાં કોઈ ત્રિભેટે ઉભો હોય અને એનું મન અપાર મૂંઝવણોનો સામનો કરતું હોય, આગળની દિશા નક્કી ન થતી હોય અને નિર્ણય લેવામાં અવરોધનો અનુભવ થતો હોય ત્યારે માણસ જો શાંત ચિત્તે પોતાના મન સાથે અનુસંધાન સાધે અને અંતરમાંથી ઉદભવતો નાદ સાંભળે અને તેને અનુસરે તો જે તે માણસ માટે તેના જીવનની આગળની દિશા નક્કી કરવામાં અને પોતાની લક્ષ્ય પ્રાપ્તિ કરવા માટે હંમેશા શ્રેયકર નિવડતું હોય છે.
ઈતિહાસમાં અને પુરાણોના અસંખ્ય ઉદાહરણો મોજુદ છે. અરે!આજના યુગના કેટલાંય સફળ વ્યક્તિઓના જીવનચરિત્રોનો સંદર્ભ લઈએ તો તેમણે તેમના જીવનના પૂર્વાર્ધમાં એક ચોક્કસ તબક્કે માનવકલ્યાણ માટે અથવા વિશાળ અર્થમાં જનકલ્યાણ માટે અંતરનાદને સાંભળી કંઈક એવા નિર્ણયો લીધા હતાં, જેનાથી તેમની જિંદગીની દિશા બદલાઈ ગઈ અને સાથે સાથે દુનિયામાં આધ્યાત્મિક, ધાર્મિક, વૈચારિક, સાહિત્યિક કે પછી લોકઉપયોગી પરિવર્તનકારી ટેકનોલોજીનો ઉદભવ થયો.
ભગવાન શ્રીકૃષ્ણ જ્યારે વસુદેવ અને દેવકીના આઠમા સંતાન તરીકે મથુરામાં કંસના કારાગૃહમાં અવતર્યા ત્યારે પિતા વસુદેવ પોતાના અંતરનાદને અનુસરીને શ્રીકૃષ્ણને એક કરંડીયામાં મૂકીને યમુનાના હિલોળા લેતા જળમધ્યે પસાર થઈ સામે કાંઠે ગોકુળમાં નંદરાય અને યશોદાને ઘરે સુરક્ષિત રીતે મૂકી આવ્યા અને જગતને મહાઅવતાર સાંપડયો.
ભગવાન ગૌતમ બુદ્ધ પોતે રાજવી કુટુંબમાં રાજકુમાર સિદ્ધાર્થ તરીકે જન્મ્યા હતા. નાની ઉંમરે તેમને વૈરાગ્યનું જ્ઞાન થયું અને ઉદ્વેલ અંતરનાદને અનુસરીને તેઓ રાજવૈભવ છોડીને સાધુ
આભાર - નિહારીકા રવિયા બની આગળ જતાં વિશ્વમાં બૌદ્ધ ધર્મસંપ્રદાયની સ્થાપના કરી. આજના યુગના સ્વામી વિવેકાનંદની વાત કરીએ તો નાનપણથી નરેન્દ્રને અધ્યાત્મ અને ભારતીય સંસ્કૃતિમાં ઉંડો રસ હતો. માત્ર ૧૮ વર્ષની ઉંમરે શ્રી રામકૃષ્ણ પરમહંસની મુલાકાત થઈ અને અંતરનાદને અનુસરીને સાધુ બની રામકૃષ્ણ મિશનમાં જોડાયા. ભારત વર્ષમાં ભ્રમણ કર્યું અને વેદાંતનો ઊંડો અભ્યાસ કર્યો. શિકાગોમાં યોજાયેલ વિશ્વ ધાર્મિક સંસદમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું અને સંબોધન કર્યું તે વિશ્વ પ્રસિદ્ધ બન્યું. હિન્દુ ધર્મ અને ભારતીય સંસ્કૃતિથી વિશ્વભરને પ્રભાવિત કર્યું. આ સદીમાં આપણા દેશને શ્રી નારાયણમૂર્તિ જેવા સ્વપ્નદ્રષ્ટા સાંપડ્યા જેમણે પોતાના અંતરના નાદને ઓળખીને ઈન્ફોર્મેશન ટેકનોલોજીના ક્ષેત્રે સાહસપૂર્વક પહેલ કરી ભારતને અને પુરા વિશ્વને એક હરણફાળ ભરાવી. આ બધા જ પ્રેરણાદાયી ઉદાહરણોથી એક સંદેશ તો ચોક્કસ મળે છે કે જ્યારે જ્યારે અંતરનો નાદ ઊઠે છે અને તેની સૂચવેલી દિશાને અનુસરે છે ત્યારે માણસનો ઉત્કર્ષ જ થાય છે.
નિખિલ કિનારીવાળા, અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

દ્વંદ્વ જીજી દ્વં..૭૩
વિષય. અંતરનાદ
શીર્ષક.અંતરનો અવાજ. પ્રકાર. ગદ્ય.

અંતરનાદ અંતરનો અવાજ જ્યા સુધી તમે તમારા આત્મા નો આવાજ ન સાંભળો ત્યાં સુધી કોઈ વાત નો નિર્ણય ના લો અંતરનો અવાજ માણસને ખોટું કરતા રોકે છે,કોઈનું સાંભળીને દિમાગથી નિર્ણયો લેવા કરતા અંતરનો અવાજ જે કહે તે ઉત્તમ હોય છે,આ જીવન એકજ વાર મળ્યું એમાં પણ મનુષ્ય અવતાર મળ્યો છે જેમાં પોતાની ફિલિંગ્સ બતાવાનો લાગણીઓ માં વહી જવા કરતા જે સાચું ખોટું છે તે કહેવાનો જાણવાનો અનુભવવાનો આ બધું મનુષ્ય અવતાર માં થાય તો પછી તમારી અંદરના અંતર નાદને જગાડો
તમારું દિલ કહે તે કરો મસ્તીથી જીવો
નયના પટેલ..નૈન.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

દ્વંદ્વ જીજી દ્વં - ૦૦૫૦
વિષય - અંતરનાદ
શીર્ષક - અંતર મનનો નાદ
પ્રકાર - પદ્ય, સંખ્યા - ૬૬
........................................
અંતરનાદ અંતર મનથી નીકળે, ફક્ત વિચારો નહીં અવાજ પણ, મનને હૃદયને જનજોળી નાખે, અંતરસ્ફુરણા ના ભાવ જાગે..!

અંતરની ચેતના અનુભૂતિ ન્યારી,
મનડાને ઝઝોળી નાખે કેવું, હૃદયને આત્માને હિંડોળે ચડાવે, એક અનોખો તરંગ સ્ફૂરે...!

લાવને સર્જીએ એવું જગ,
જ્યાં સ્પર્શે શબ્દને અંતર મનને,
જીવન એટલે મંથન ધ્યેય ,
આ ધારામાં વહેવું આકરું છે...!

અંતર નાદ એટલે મારા અંતર મનથી નીકળેલાં વિચારો, જીવાતા જીવન ઉપર વધુ આત્મવિશ્વાસ..!

રાગિની શુક્લ "રાગ"મુંબઈ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

દ્વંદ્વજીજી દ્વં: ૦૦૮૮
વિષય : અંતરનાદ
શીર્ષક : આર્તનાદથી અંતરનાદ
પ્રકાર : પદ્ય - શબ્દો : ૭૪

ઈશ્વર તારા હસ્તાક્ષર મનેય મળ્યા આર્તનાદે,
ગજેન્દ્રને આમજ મળ્યા હશે શ્રીહરિ આર્તનાદે!

હૃદય ફાડીને થાય ચિત્કાર તો હરિ કાન ધરે;
શું ઈશ થ્યા હશે બહેરા; બ્રહ્માંડ રચ્યા ધડાકે!

ક્યાંક એવો પક્ષપાત કરે કે તત્ક્ષણ દોડી આવે!
દ્રોપદી, ધ્રુવ કે હો પ્રહ્લાદ તું આર્તનાદે ઉગારે.

નરસૈંયાનો સ્વામી બની તું હૂંડી કેવો સ્વીકારે!
ભીતર ડોકિયું કરાવી એવો અંતરનાદ જગાવે.

કર્યાં દર્શન અજેય શ્રદ્ધાનાં ઘોડાપૂર કેવાં ઉમટે!
વસે છે હાજરાહજૂર ભોળાં આર્દ્રજનોનાં હૈયે!

ડૉ. મનીષા વ્યાસ ..અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

દ્વંદ્વ જીજી દ્વં : ૧૫૦
વિષય: અંતરનાદ
શીર્ષક: અંતરનાદ જગાવો
પ્રકાર : પદ્ય ગઝલ. શબ્દો : ૧૦૩

અંતરનાદ જગાવો, તો ખોટું શું છે;
ભીતર થોડું ઝાંકો, તો ખોટું શું છે.

ચડતી પડતીનો ક્રમ, તો ચાલ્યા કરશે;
હિંમત જો ના હારો, તો ખોટું શું છે.

બરછી ખંજર લઈને, જો દુશ્મન આવે;
મ્હાત કરીને પાડો, તો ખોટું શુ છે.

ભીતર બહાર છવાય ભલેને અંધારું
આતમદીપ જલાવો તો ખોટું શું છે.

જૂઠાણાનો ફુગ્ગો, તો ફૂટી જાશે;
સત્યવચનને પાળો તો ખોટું શું છે.

ટીપે ટીપે યારો, તો સરવર બનશે;
ટીપું એક બચાવો, તો ખોટું શું છે.

ગાગરમાં પણ સાગર જો ભરતા ફાવે;
સાગરને પડકારો, તો ખોટું શું છે.

દેવેન્દ્ર જોશી....મુંબઈ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

દ્વંદ્વ જીજી દ્વં :૩૨૧
વિષય. અંતરનાદ
શીર્ષક. નિર્ણય
શબ્દ. ૧૭૧ પ્રકાર . ગદ્ય
જીવનમાં, મગજ કહે તેમ કરવા કરતાં પોતાનો અંતરાત્મા કહે તેમ કરવું વધારે સારું. મગજ કરતાં હૃદયથી લીધેલા નિર્ણયો ક્યારેય દુઃખી થવા દેતા નથી. જ્યારે એવું લાગે કે હું ક્યાંક મૂંઝાયો છું અથવા કોઈ નિર્ણય લઈ શકતો નથી, ત્યારે એકવાર ઈશ્વર પાસે બેસી, પોતાના અંતરનાદને સાંભળવો જોઈએ. પછી જે પણ નિર્ણય લો, તમે જોશો કે તેમાં તમે ક્યારેય પસ્તાવો નહીં કરો.

પછી ભલે એ નિર્ણય તમારા માટે હોય, તમારા પરિવાર માટે હોય, કે તમારા કાર્યક્ષેત્ર માટે—તમને એમાં આગળ વધતા કોઈ રોકી નહીં શકે.
ઘણીવાર એવું બને છે કે તમારે તમારી જાતને સાબિત કરવા માટે સંઘર્ષ કરવો પડે. પણ એ માટે ક્યારેય ખોટી રીતથી દિમાગ ચલાવીને કોઈ કામ ન કરવું. એ કદાચ થોડા સમયની રાહત આપી શકે, પરંતુ સમસ્યાનો ઉકેલ નહીં આવે.
ઈશ્વરે દિમાગ સાથે અંતરમન પણ આપ્યું છે, કારણ કે દિમાગ ખોટું હોઈ શકે, પણ અંતરમન એટલે તમારી અંદર રહેલો ઈશ્વર—એ ક્યારેય ખોટું હોઈ શકતો નથી. તમારા અંદરના અંતરનાદને જગાવી, એવા કાર્યો કરો કે જે સમાજ માટે ઉપયોગી હોય.

- લેખિકા: સુચી રાવલ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

દ્વંદ્વ જીજી દ્વં - ૩૫૩
વિષય:- અંતરનાદ
શીર્ષક:- પ્રભુ એજ અંતરનાદ
પ્રકાર - પદ્ય શબ્દો - ૯૫
તું સાંભળ મારો પોકાર કરું અંતરનોનાદ,
આશરો એક તારો બીજો કોઈને કરું સાદ,

સ્વાર્થ ભરી દુનિયા સંબંધો નથી કોઈ માન,
ઝાલજે મારો હાથ હવે એજ અંતરનો નાદ,

મારું તારું કરતો માનવી સમજ્યો નહીં વાત,
ભોળા ને પજવી લેતો મજા કોને કહું એ વાત,

તું જ તારણહાર ને તું મારો વિશ્વાસ ને માન,
રાખજે લાજ મારી વાલા એજ અંતરનો નાદ,

સમય સાથે બદલાયો માનવી પૈસા પાછળ માન,
"વૈરાગી" તું જ સાચો ભીતર પ્રભુ એજ અંતરનાદ,
લિ.. સોલંકી પ્રકાશકુમાર મનુભાઈ "એકાંત""વૈરાગી"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

દ્વંદ્વ જીજી દ્વં :૩૭૩
વિષય : અંતરનાદ
શીર્ષક : આત્મરૂપી અવાજ
પ્રકાર : ગદ્ય શબ્દ : ૧૩૬

અંતરનો નાદ એટલે કે આત્મરૂપી અવાજ.મારી આત્મામાંથી ફક્ત પરમાત્મા પ્રેમનો જ અવાજ આવે છે.આત્મા અમર છે નાશ માત્ર જીવનો જ થાય છે આત્માનો નાશ થતો નથી.આથી જ તો કહેવાય છે કે આત્મામાં જ પરમાત્મા સમાયેલા છે.પ્રભુને મળવાનો સૌથી ઉત્તમ માર્ગ આત્મા જ છે.જેમને પોતાના દેહની અંદર રહેલી આત્માને જોઈ અને જાણી લીધી તેને જ આત્મરૂપી પરમાત્માના દર્શન થાય છે.

જે માણસ દેહથી મુક્ત થઈ જાય છે દેહ છે જ નહીં કે નશ્વર છે એવું માની લે છે તેને જ પરમ તત્વના એટલે કે પરમાત્માના દર્શન થાય છે.એક માત્ર આત્માની અંદર રહેલા પરમાત્માના દર્શનથી જ જીવન સફળ થાય છે.પરમાત્મામાં આત્મામાં જ રહેલા છે.આપણી અંદર રહેલા પરમાત્મા જ આપણી આત્માને સારા ખરાબ કે સાચા ખોટાનો પરિચય કરાવે છે.જેને પરમાત્માના દર્શન કરી લીધા તેને મોક્ષ અવશ્ય મળે છે. તેમાં લેશ માત્ર પણ સંદેહ નથી અને આ પરમ સત્ય છે.

રૂપલ દવે "રૂપ"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

દ્વંદ્વજીજી દ્વં : ૩૮૮
વિષય : અંતરનાદ
શીર્ષક : અંતરાત્મા નો સાદ
પ્રકાર : ગદ્ય શબ્દો : ૩૦૧

માણસ માત્ર એ પરમાત્મા નો અંશ છે. ઈશ્વર ને માણસ આ જીવન બહાર શોધવાના પ્રયત્ન કરે છે, તે ઈશ્વર ભીતર જ મળે છે. કોઈ આવા સંજોગો કે પરિસ્થિતિ જ્યાં માણસ ને
આભાર - નિહારીકા રવિયા જીવન માં કશું આગળ દેખાતું નથી. દેખાઈ છે તો માત્ર અંધકાર, કદાચ મૃત્યુ પણ એ સમય એ સહજ લાગે છે. જયારે માણસ ની સમજ થી પરે જીવન માં કશું થાય છે, બધી જ બાજુ થી હિમ્મત હારી ગયા ત્યારે કોઈ ભીતર થી એક અવાજ હિમ્મત બની અને આવે છે. અંદર થી કોઈ જાણે કહે છે "બધું જ થઈ જશે, હિમ્મત રાખ. આ અંત નથી". એક નબળી ક્ષણ જયારે ખરેખર બધી જ બાજુ અંધકાર જ લાગે છે ત્યારે એક અંદર ના અવાજ માં જે બળ હોઈ છે તે અત્યંત અલૌકીક હોઈ છે.

અનેક પ્રશ્નો જેના જવાબ, બહાર નથી મળતા. તે અંદર થી મળે છે. જે શાંતિ ની શોધ માણસ આ જીવન અનેક સ્થળ એ ભટકી ને કરે છે તે માનસિક શાંતિ અંદર જ મળે છે.

અંતરાત્મા - પરમાત્મા નો જ અંશ છે, તે માણસ ને સમજવા માં અનેક વર્ષો નીકળી જાય છે તો ક્યારેક અનેક જન્મો. જીવન એ કુરુક્ષેત્ર નું મેદાન છે, ભીતર ના અર્જુન ને જયારે માણસ ઓળખી લેશે ત્યારે દેહ રૂપિ રથ ના સારથી બની શ્રી કૃષ્ણ અવશ્ય આવશે.

જીવન એ ઈશ્વર નો અદભુત રંગમંચ છે, જીવન ની હર એક ક્ષણ માત્ર ને માત્ર આશીર્વાદ છે. અંતરાત્મા ના સાદ ને જે સાંભળી શકે છે તે જીવન ને અવસર અને મૃત્યુ ને ઉત્સવ તરીખે સ્વીકારી શકે છે.

જયારે કોઈ પ્રશ્નો ના જવાબ અટપટા હોઈ છે, કોના ઉપર કેટલો અને ક્યારે ભરોસો કરવો તે નિર્ણય લેવા માટે મન અને મગજ બંને અસમર્થ હોઈ ત્યારે થોડી ઘડી શાંતિ થી બેસી મનોમંથન કરવા થી અને ભીતર ના અવાજ ને સાંભળવા થી જે જવાબ આવે તે સચોટ હોઈ છે.

વાત માત્ર વિશ્વાસ ની છે.
શ્રી કૃષ્ણ ભીતર છે,
બહાર શોધવાના પ્રયત્ન વ્યર્થ છે.
ફાલ્ગુની સાંગાણી.પોરબંદર

# પ્રાંતિજના આમોદરા ખાતે મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં સાંસદ સમૂહ લગ્નોત્સવ ૨૦૨૫ યોજાયો



સાબરકાંઠા જિલ્લામાં મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતા તેમજ દિવ-દમણ દાદરાનગર હવેલી અને લક્ષદ્વીપ પ્રશાસકશ્રી પ્રફુલભાઈ પટેલની ઉપસ્થિતિમાં સાબરકાંઠા -અરવલ્લી જિલ્લા ક્ષત્રિય ઠાકોર સમાજના સહયોગથી સાંસદ શ્રીમતી શોભનાબેન બારૈયા તેમજ પૂર્વ ધારાસભ્યશ્રી મહેન્દ્રસિંહ બારૈયા દ્વારા આયોજિત ૧૨૨ વ્હાલી દિકરીઓના વિવાહ માટે નિઃશુલ્ક સમૂહ લગ્નોત્સવ ૨૦૨૫ પ્રાંતિજના આમોદરા ખાતે યોજાયો હતો. નવ યુગલોને દાંમ્પત્ય જીવનની શુભકામનાઓ પાઠવતા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે સમૂહ લગ્નનું આયોજન સામાજિક સમરસતાની દિશામાં એક પ્રશંસનીય પહેલ છે. સમૂહલગ્ન સમાજને નિકટ લાવવાનું કાર્ય કરે છે. સાદગીથી ઉજવાતા આવા અવસર સર્વ સમાજ માટે પ્રેરણારૂપ બની રહે છે. અતિ ખર્ચાળ લગ્ન સમારંભોને તિલાંજલિ આપી ઓછા ખર્ચે અને મધ્યમ તથા સામાન્ય વર્ગના લોકોને પોષાય તે રીતે સમૂહ લગ્નોત્સવોની પરંપરા આજે મોંઘવારીના સમયમાં ખૂબ અસરકારક સાબિત થઇ રહી છે. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના માર્ગદર્શનમા સર્વ સમાવેશી વિકાસની નેમ સરકારની રહી છે. સામાન્ય વર્ગના લોકોના મંગલ અવસરને માનભેર ઉજવવા આ સાંસદ સમૂહ લગ્ન ઉત્સવ જેવા આયોજનોએ સૌનો સાથ, સૌના વિકાસના મંત્રને ચરિતાર્થ કર્યો છે. આજના આ મંગલ પ્રસંગે પ્રભુતામાં પગલાં પાડતા નવદંપતીઓનું જીવન સુખમય અને સમૃદ્ધ રહે તેવી શુભકામનાઓ મુખ્યમંત્રીશ્રીએ પાઠવી હતી. વધુમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે તમામ વર્ગોમા એકતા અને સમરસતા રહે તે માટે આવા સમૂહ લગ્નોત્સવ પ્રેરણારૂપ છે. વૈભવી લગ્નોએ સમાજની આર્થિક વ્યવસ્થામાં પડકારરૂપ છે. જેમાં સામુહિક લગ્ન ઉત્સવ એક શ્રેષ્ઠ વિકલ્પ છે. સમાજમાં ભેદભાવ ન રહે અને એકતાનો ભાવ જળવાઈ રહે તે માટે સામૂહિક લગ્ન ઉત્સવ ઉત્તમ ઉદાહરણ છે. સરકારશ્રી દ્વારા સાત ફેરા સમૂહ લગ્ન યોજના અમલી બનાવાઈ છે જેનો લાભ રાજયની અનેક દીકરીઓએ મેળવ્યો છે.

આ કાર્યક્રમમા દિવ-દમણ- દાદરાનગર હવેલી અને લક્ષદ્વિપ પ્રશાસકશ્રી પ્રફુલભાઈ પટેલે જણાવ્યું હતું કે આજનો સાંસદ સમૂહ લગ્નઉત્સવએ સમાજની એકતા, સંવેદનશીલતા તથા સહકારીતાનું ઉત્તમ ઉદાહરણ છે. જે દરેક સમાજ માટે પ્રેરણારૂપ છે. લગ્નજીવનની શરૂઆત કરનારના નવયુગલોને અંતરના આશીર્વાદ આપ્યા હતા.આ કાર્યક્રમના આયોજક એવા સાંસદ શ્રીમતી શોભાનાબેન બારૈયાએ જણાવ્યું હતું કે, આજે અહી પ્રથમ સમૂહ લગ્નોત્સવ યોજાયો છે. આ નવયુગલોનું દાંપત્ય જીવન અખંડ રહે તેવી ભગવાનને પ્રાર્થના છે. સમાજમાં અંધશ્રદ્ધાઓનું પ્રમાણ ઘટે અને શિક્ષણ વધે તે માટે પ્રયત્નો કરવા જોઈએ. આજે સરકાર દ્વારા વ્હાલી દીકરી યોજના, બેટી બચાવો, બેટી પઢાવો જેવી અનેક યોજનાઓ અમલી બનાવવામાં આવી છે. આ યોજનાઓનો લાભ સમાજના દરેક વ્યક્તિ લઈ આગળ વધે તેવી અપીલ સાંસદશ્રીએ કરી હતી.

આ પ્રસંગે ગુજરાત સરકારના મંત્રીશ્રી ભીખુસિંહ પરમાર, સાબરકાંઠા જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ભારતીબેન પટેલ, અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી પ્રિયંકાબેન ડામોર, હિંમતનગર ધારાસભ્યશ્રી વી. ડી ઝાલા, ઇડર ધારાસભ્યશ્રી રમણલાલા વોરા, કપડવંજ ધારાસભ્યશ્રી રાજેશ ઝાલા,બાયડ ધારાસભ્યશ્રી ધવલસિંહ ઝાલા, સાબરકાંઠા અગ્રણીશ્રી કનુભાઈ પટેલ, અરવલ્લી અગ્રણીશ્રી રાજેન્દ્રભાઈ પટેલ, સાબરડેરીના ચેરમેનશ્રી શામળભાઈ પટેલ, સહિત સંતો, સમાજના આગેવાનો તેમજ નવદંપતીઓના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.



આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજી એ સોમનાથ જ્યોર્તિલિંગ દર્શન કર્યા.

# બોટાદમાં ધીરગુરુદેવનું આગમન : પ્રવચન



બોટાદ ખાતે મોટી વાડીમાં લાલચંદ સુખલાલ વસાણી પરિવારના સ્વદ્રવ્યથી નિર્મિત અને પૂ. શ્રી ધીરગુરુદેવ પ્રેરિત વિતરાગ વૈયાવચ્ચ ભવનમાં પ્રથમવાર પૂ. ગુરુદેવ પધારતાં પૂ. ભારતીજી મ. સ., પૂ. ધ્રુવીજી મ. સ. તથા સંઘે સ્વાગત કરેલ.પૂ. ગુરુદેવે ધર્મસભામાં કહેલ કે આજના સ્પુટનિક યુગમાં સમાજ સુધારક નહિ બનો તો ચાલશે પણ સ્વભાવ સુધારક બન્યા વિના નહિ ચાલે. વધુમાં કહ્યું કે - ઘરમાંથી નીકળવું તે ત્યાગ અને આપણામાંથી ઘર નીકળે તે વૈરાગ્ય છે સાંપ્રત સમયમાં સંબંધો સાચવજો કેમકે આજનો માણસ એકલો થઈ ગયો છે. કોઈ ફોટો ખેંચાવાળા નથી એટલે સેલ્ફી લેવી પડે છે !!!સાતાકારી પાટ માટે ભાવિકોએ ?. ૧૫૦૦૦ના ગુણાંકમાં દાન જાહેર કરી લાભ લીધેલ. તા. ૪ને મંગળવારે સવારે ૯:૩૦ કલાકે ગઢડામાં પ્રવચન અને બપોરે સંઘજમણ યોજાશે. તા. ૫ને બુધવારે દામનગરમાં પ્રવચન અને સંઘજમણ રાખેલ છે. અહેવાલ કનુભાઈ ખાચર




હફસાબાનું મુસ્તકભાઈ શેખ. એલ.એન.કે કોલેજ ઓફ એજ્યુકેશન.પાટણ.બી.એડ .શિક્ષણ મંત્રી શ્રી ના હાથે સમગ્ર ગુજરાત માં પ્રથમ રેન્ક.ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો.

# વિચારો કે કલર્સ ના લાફ્ટર શેફ્સ ના સૌથી મોટા ચાહક કોણ છે? કપિલ શર્માની માતા પહોંચી અને આશ્ચર્યચકિત થઈ!



કલર્સના લાફ્ટર શેફ્સ અનલિમિટેડ એન્ટરટેઈન્મેન્ટના નવીનતમ એપિસોડમાં, રસોડું ઉત્સાહથી બન્યું કારણ કે લોકપ્રિય હાસ્ય કલાકાર કપિલ શર્માની માતાએ તેના પ્રિય શોમાં એક પહોંચી અને દરેકને આશ્ચર્યચકિત કરી, જેણે તરત જ દરેકના ઉત્સાહમાં વધારો કર્યો. તેની હાજરીએ હૂંફ અને ખુશીમાં વધારો કર્યો, જે સ્પર્ધાને વધુ વિશેષ બનાવે છે.

સ્પર્ધકોને ડિઝાઈનર કોફી બનાવવાનું કામ આપવામાં આવ્યું હતું. તેના પ્રખ્યાત હ્યુમર સાથે, કૃષ્ણા કપિલની માતા પાસે ગયા, અને મજાકથી પૂછ્યું કે શું તેણે આ વાનગી પહેલા ક્યારેય બનાવી છે. આ પછી, જે ક્ષણ બન્યું તે હૃદયને સ્પર્શ્યું, કારણ કે તે કોફી બનાવવામાં મદદ કરવા આગળ આવી, જેથી કૃષ્ણાએ કહ્યું, ×જૂનો સંબંધ અમારો છે! તમે અહીં આવો, આ અમારા માટે આશીર્વાદરૂપ છે. × આ ક્ષણ વધુ મીઠી બની ગઈ જ્યારે કપિલની માતાએ હસતાં કહ્યું કે કૃષ્ણા તેના માટે વિજેતા છે, ખાસ કરીને તે દરેકને હસાવવાની રીત. આનાથી દરેકને ખુશ થયા, અને કૃષ્ણા આનંદથી કૂદી ગયા.

વાતાવરણ હાસ્ય, હંગામો અને સ્વાદિષ્ટ સુગંધથી ભરેલું હતું, પરંતુ અંતે, તે સુદેશ અને સમર્થ હતા જેણે પડકારના સત્તાવાર વિજેતા તરીકે શો જીત્યો!''લાફ્ટર શેફ્સ અનલિમિટેડ એન્ટરટેઈન્મેન્ટ' ની નવીનતમ સીઝન જુઓ, જે રાજધાની બેસન, એન્વી પરફ્યુમ્સ, પેરિ હોમ ફીઅર્સ, ઈન્ડિયા ગેટ બાસ્મતી રાઈસ, બર્ઝર પેઈન્ટ્સ ફિનોલેક્સ કેબલ્સ અને સ્પિરિટ, સ્પેશિયલ પાર્ટનર - સ્પેશિયલ પાર્ટનર - કેચ સ્પાઈસ અને વિક્રામ એલચી ટી, ના સહ - નિર્માતા છે. દર શનિવાર-રવિવારના રાતના ૯:૩૦ વાગ્યે કલર્સ પર!

# આદિવાસી લોકોની લોક સંસ્કૃતિ ઉજાગર કરતો ઐતિહાસિક ડાંગ દરબારનો મેળો

આહવા-ડાંગ

જંગલોમાં, પર્વતો ની વચ્ચે કુદરત ના ખોળે વસેલાં આદિવાસીઓની જીવન શૈલી અને રીત રિવાજો અનોખા હોય છે. આદિવાસીઓના મેળાઓ પણ અદભુત અને અનોખા હોય છે. ગુજરાતમાં ગણી-ગાંઠી જગ્યાએ એવા મેળાઓ ભરાય છે. જેમાં ડાંગ-દરબારનું સ્થાન અગ્રેસર કહી શકાય.

ડાંગ જિલ્લામાં હોળી પર્વનું મોટું માહાત્મ્ય છે. ડાંગ દરબારનો સાંસ્કૃતિક મેળો દર વર્ષે હોળી પહેલા જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે યોજાય છે. સને ૧૯૪૨ સુધી ડાંગ જિલ્લાનો વહીવટ ભીલ રજાઓ અને નાયકો કરતાં. એજ વર્ષમાં ડાંગ ના જંગલ ના પટ્ટાઓ બ્રિટિશરોને આપવામાં આવ્યા હતા. ભીલ રજાઓ અને નાયકોને પટ્ટાના હક્ક બદલ અને પછી વાર્ષિક વર્ષાસન સ્વરૂપે આપવાની થતી રકમ દર વર્ષે ભીલ રાજાઓ, નાયકો તેમના ભાઈબંધો, પોલીસ, પટેલો અને કારભારીઓને ડાંગ-દરબાર ભરીને અર્પણ કરવામાં આવતી. દરબાર યોજવા પાછળનો બ્રિટિશરોનો મુખ્ય આશય ડાંગી રાજાઓ, નાયકો તથા લોકો એક જ જગ્યાએ એકત્ર થાય તે માટેનો હતો.આહવાની આજુબાજુના લાખો આદિવાસીઓ પાંચ દિવસ ચાલતા ડાંગ દરબાર પાસે એકઠા થતાં હતા અને દરબાર તેમની ફરિયાદો સાંભળીને તેનો નિકાલ કરતાં હતા. વર્તમાનમાં પણ આ ક્રમ ચાલુ છે. પરંતુ આજે ડાંગના આદિવાસી રાજાઓ બેસે છે જરૂર પણ ફરિયાદોનું નિવારણ તો જિલ્લા કલેક્ટર જ કરે છે.ડાંગ દરબારમાં ડાંગી રાજાઓ, નાયકો તેમજ તેમના ભાઈબંધો રંગબેરંગી પોષાકમાં સુસજ્જ થઈને આવે છે અને સમગ્ર ડાંગી પ્રજા આદિવાસી સંસ્કૃતિને સુરાવલીઓના મધુર



અને કર્ણ પ્રિય સંગીતમાં ઢાળીને દરબારને ઉલ્લાસમય વાતાવરણમાં પરિવર્તીત કરે છે.અહીના આદિવાસીઓ તેમની વિશિષ્ટતા અનુસાર બનાવેલી વસ્તુઓને નાશિક, સુરત કે પશ્ચિમના દેશોમાંથી આવેલા પ્રવાસીઓ ખરીદે છે. વિવિધ જૂથો પોતાની નૃત્ય કળા, વાદ્ય અને સંગીત કળાનું નિદર્શન કરે છે. આ મેળાની શરૂઆત રાજવીશ્રીઓ ની હાજરીમાં ઢોલ નગારાથી શરૂ કરવામાં આવે છે પછી કહાળીયા અને પાવરી જેવા વાધ્યોના શૂરોથી વાતાવરણ મધુર બની જાય છે. ડાંગ દરબારમાં દેશવિદેશના સહેલાણીઓ આદિવાસી સંસ્કૃતિ માણવા આવે છે. ઉત્સવ પ્રિય ડાંગી આદિવાસી પ્રજા માટે મહત્વનો ઉત્સવ એટલે ડાંગ દરબાર છે.ઐતિહાસિક ડાંગ દરબાર ના આયોજન સંદર્ભે ડાંગ જિલ્લા વહીવટી તંત્રએ તૈયારીઓ આરંભી દીધી છે. આગામી તારીખ ૯ થી ૧૨ માર્ચ દરમિયાન ડાંગ દરબાર મેળો જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે પરંપરાગત રીતે યોજવામાં આવનાર છે. તેમજ મેળાનુ ઉદ્ઘાટન માન.રાજયપાલશ્રીના વરદ હસ્તે કરવામાં આવેશે. અને માન.રાજયપાલશ્રી દ્વારા ડાંગ જિલ્લાના પાંચ રાજવીશ્રીઓનુ સન્માન કરવામાં પણ કરવામાં આવશે.

# ડાંગ જિલ્લાની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ આહવા ખાતે વાર્ષિકોત્સવ ની ઉજવણી કરાઈ

આહવા-ડાંગ

સરકારી વિનયન અને વાણિજય કોલેજ, આહવા ખાતે 'જીઇઝ' સમિતિ અને 'સાંસ્કૃતિક સમિતિના સંયુક્ત ઉપ ક્રમે તા.૨૫/૦૨/૨૦૨૫ રોજ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ નિર્મળાબેન ગાઈનના અધ્યક્ષ સ્થાને 'એક ભારત શ્રેષ્ઠ ભારત' ની થીમ ઉપર કોલેજમાં વાર્ષિકોત્સવ, પારિતોષિક વિતરણ અને શુભેચ્છા સમારંભ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. વાર્ષિકોત્સવ માં કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા આઠ પ્રકારના જુદા જુદા સ્ટોલ લગાવવામાં આવ્યાં હતાં. જેમાં મિલેટ્સ થી ડાંગી ડીશની પરંપરાગત વાનગીઓ, વારલી પેઈન્ટિંગ નું સ્ટોલ, ઈનોવેશન સ્ટોલમાં વિદ્યાર્થીઓ દ્વારા પોતે બનાવેલ સેન્સર કાર, બ્લાઈન્ડ સ્ટીક ગેસ ડિટેક્ટર વાઈટ ડિટેક્ટર વગેરે વિગેરે પ્રોજેક્ટ નું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. અંબિકા હળદર સ્ટોલ સ્નેક્સ વગેરે સ્ટોલનું પ્રદર્શન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. જેનો મુખ્ય ઉદ્દેશ્ય ડાંગ દર્શન, ડાંગી સંસ્કૃતિ અને ડાંગી વાનગીઓ અંગે લોકોમાં પ્રચાર પ્રસાર તેમજ વિદ્યાર્થીઓમાં રહેલા આંતરિક સુષુપ્ત શક્તિઓ ઉજાગર કરવા માટે તેમજ તેમનામાં દૃઢ આત્મવિશ્વાસ કેળવાય તેવા હેતુસર વિદ્યાર્થીઓ અભ્યાસ પૂર્ણ કરી ભવિષ્યમાં પોતે આત્મનિર્ભર બની શકે તે હેતુથી આ પ્રદર્શન નું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં બિરસામુંડા ટ્રાયબલ યુનિવર્સિટી ના કુલપતિ શ્રી ડૉ મધુકર પાડવી અને ડાંગ જિલ્લા પ્રાયોજના વહીવટદાર શ્રી આનંદ પાટીલ સહિત ના મહાનુભાવોએ સ્ટોલ નિદર્શન કર્યું હતું. આ પ્રસંગે કોલેજના આચાર્યશ્રી ડૉ.યુ. કે. ગાંગુર્ડેએ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી પોતાના પ્રસંગોચિત ઉદબોધનમાં વિદ્યાર્થીઓના ભાવિ ઘડતર માટે આશીર્વાદ આપ્યા હતા. તેમજ ×એક ભારત શ્રેષ્ઠ ભારત×ના સંકલ્પને સાકાર કરવા બિરસા મુંડા ટ્રાઈબલ યુનિવર્સિટીના કુલપતિશ્રીને આદિવાસીઓની સંસ્કૃતિની એકરૂપતા જળવાઈ રહે તે માટે ૈં કરવાનું આહવાન કર્યું હતું. તેમજ ડાંગના વિદ્યાર્થીઓને તમામ ડિગ્રી ઓ અહીથી જ મળી રહે તે માટે ડાંગ-આહવાને શિક્ષણ નું હબ બનાવવાનો સંકલ્પ કર્યો હતો. બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સીટી રાજપીપળાના કુલપતિશ્રી ડૉ. મધુકર એસ. પાડવી અને ઉપસ્થિત જુદી જુદી કોલેજના આચાર્યશ્રીઓના હસ્તે કોલેજમાં પીએચ.ડી થયેલા અધ્યાપકો ને શિલ્ડ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કર્યા હતા.

આ કાર્યક્રમમાં ડાંગ જિલ્લા પ્રાયોજના વહીવટદાર શ્રી આનંદ એ. પાટીલ ૈંછજી), ફેકલ્ટી ઓફ આર્ટસ ફદ્રજીૈં સુરતના ડીન શ્રી અને શ્રી મોરાર જી દેસાઈ આર્ટ્સ શ્ર કોમર્સ કોલેજ બુહારીના આચાર્યશ્રી ડૉ. જયંતિ એસ. ચૌધરી, સરકારી વિનયન અને વાણિજય કોલેજ ભીલાડના આચાર્યશ્રી ડૉ. કાશીરામ એ. ભોયે, અને સરકારી વિજ્ઞાન કોલેજ આહવા ડાંગના આચાર્યશ્રી ડૉ. અરુણ ભાઇ ધારીયા ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓ ઉતરોઉત્તર પ્રગતિ કરે એવા આશીર્વચન આપ્યા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.